મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ જમીન મહેસૂલ ક્ષેત્રે રાજ્ય સરકારનો ક્રાંતિકારી નિર્ણય

# મિલકતના સોદામાં બિનજરૂરી વાંધા-વચકામાંથી મુક્તિ મળશે; ભવિષ્યમાં તકરારી કેસો ખૂબ ઘટશે

**વિવાદ** ન હોય તેવા કિસ્સામાં તે જ દિવસે વેચાણની નોંધ પ્રમાણિત કરીને 'પાકી એન્ટ્રી' થશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.2

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે મહેસૂલ તંત્રમાં પ્રવર્તતી જટિલતાઓ દૂર કરીને પારદર્શિતા લાવવા તેમજ સામાન્ય જનતાને પડતી મુશ્કેલીઓને દૂર કરવા એક ક્રાંતિકારી નિર્ણય કર્યો છે. આ નિર્ણય અંગે માહિતી આપતા રાજ્યના પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, મહેસૂલી સરળીકરણ માટે "જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯"ની કલમ ૧૩૫-Dની જોગવાઈમાં મહત્વપૂર્ણ સુધારા કરવામાં આવ્યા છે. આ સુધારાથી હવે કાયદેસરના જમીન અથવા મિલકતના વ્યવહારોમાં નાગરિકોને ૩૦ દિવસની નોટિસના સમયગાળાની રાહ જોવામાંથી મુક્તિ મળશે.

મંત્રીએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી જમીન કે મિલકતના વેચાણ વ્યવહારોમાં ૩૦ દિવસની ફરજિયાત નોટિસના કારણે સામાન્ય જનતાએ લાંબી રાહ જોવી પડતી હતી. આ સમયગાળાનો ખોટી રીતે ગેરલાભ લેનાર કેટલાક તત્વો ખોટા વાંધા-વચકા ઉઠાવીને વેચનાર કે ખરીદનાર પાસેથી નાણાં પડાવવાનું (બ્લેકમેલિંગ) કામ કરતા હતા. મુખ્યમંત્રીએ આ જટિલતાને સમજીને ખેડૂતો અને મધ્યમ વર્ગના હિતમાં ૧૩૫-Dની ૩૦ દિવસની નોટિસની અનિવાર્યતામાંથી મુક્તિ આપવાનો સાહસિક નિર્ણય લીધો છે.

મંત્રીએ કહ્યું હતું કે, નવા સુધારા પ્રમાણે, રેકોર્ડ પર જમીનમાં છેલ્લા એક વર્ષ કે તેથી વધુ સમયથી કોઈ ફેરફાર નોંધ ન હોય, જમીન પર કોઈ લિટીગેશન કે દાવો પડતર ન હોય અને શાંત કબજો હોય તેમજ ૭/૧૨ના રેકોર્ડ પર દેખાતા તમામ હકદારોએ વેચાણ દસ્તાવેજમાં સહી કરી હોય તેવા વ્યવહારોમાં ૧૩૫-Dની નોટીસ વગર, તે જ દિવસે વેચાણ દસ્તાવેજની નોંધ પાડવામાં આવશે. આવા કિસ્સાઓમાં ૧૩૫Dની નોટિસ બજવવાની પ્રક્રિયા સિવાય સીધી નોંધનો નિર્ણય લેવામાં આવશે અને વેચાણની નોંધ તુરંત પ્રમાણિત કરીને 'પાકી એન્ટ્રી' કરવામાં આવશે.

આ ઉપરાંત સક્ષમ અદાલત કે ટ્રિબ્યુનલ દ્વારા આપવામાં આવેલા હુકમોની નોંધ વખતે પણ હવે ૧૩૫Dની નોટીસ બજવવાની રહેશે નહીં, તેની સીધી જ અમલાવારી કરવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું. જો એક વર્ષની અંદર રેકોર્ડમાં કોઈ ફેરફાર થયો હોય, વેચાણ પાવર ઓફ એટર્ની (PoA) દ્વારા કરવામાં આવ્યું હોય, ૭/૧૨માં દેખાતા તમામ વ્યક્તિઓની દસ્તાવેજમાં સહી ન હોય અથવા કોઈ કેસ પેન્ડિંગ હોય તેવા તપાસની જરૂરિયાતવાળા કિસ્સામાં નોટિસનો સમયગાળો ૩૦ દિવસથી ઘટાડીને માત્ર ૭ દિવસ કરવામાં આવ્યો છે.

## ડેરોલ સ્ટેશન પાસે આવેલા રેલ્વે ફાટક નં. 33 એક માસ સુધી બંધ

(પ્રતિનિધિ) કાલોલ, તા.1

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં ડેરોલ સ્ટેશન પાસે આવેલા રેલ્વે ક્રોસિંગ (એલ.સી. નં. ૩૩) પર બની રહેલા રેલ્વે ઓવરબ્રિજ (ROB) ની કામગીરી અંતિમ તબક્કામાં હોવાથી, જાહેર જનતાની સલામતી આ ફાટક આગામી એક માસ માટે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જે.જે. પટેલ દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામા મુજબ, આ ફાટક તારીખ ૦૧/૦૫/૨૦૨૬ સુધી તમામ પ્રકારના વાહનવ્યવહાર માટે બંધ રહેશે. વાહનચાલકોને પડતી અસુવિધા નિવારવા માટે વૈકલ્પિક રૂટ નક્કી કરવામાં આવ્યા છે. જે અન્વયે ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર માટે એલ.સી. નં. ૩૩ ની નજીક જ આવેલ આર.યુ.બી. (RUB) નં. ૩૨ દ્વારા અવર-જવર કરી શકાશે. ફોર-વ્હીલર અને ભારે વાહનો (HMV) માટે:રૂટ ૧: કાલોલ-બોરૂ ટર્નિંગ - ડેરોલ - પીંગળી. અને રૂટ ૨: કાલોલ - ખંડેવાલ - નેસડા - પીંગળી જઈ શકાશે.

વડોદરા કિક બોક્સર્સનો ખેલો ઈન્ડિયા નેશનલ ચેમ્પિયનશિપ 2026માં સિદ્ધિ

# 4 ગોલ્ડ અને 4 સિલ્વર જીતી વડોદરા અને ગુજરાત માટે ગૌરવ વધાર્યું



(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા જિલ્લાની આઠ મહિલા કિકબોક્સએ 'વુમેન્સ ખેલો ઈન્ડિયા નેશનલ કિકબોક્સિંગ ચેમ્પિયનશિપ' ૨૦૨૬માં ઉત્કૃષ્ટ પ્રદર્શન આપીને વડોદરા શહેર અને ગુજરાત માટે ગૌરવ વધાર્યું છે.

WAKO ઈન્ડિયા કિકબોક્સિંગ ફેડરેશનના માર્ગદર્શન હેઠળ, યુવા બાબતો અને રમતગમત મંત્રાલય અને ભારતીય રમતગમત દ્વારા આયોજિત આ ચેમ્પિયનશિપ ૧૫૦ શહેરોમાં રાષ્ટ્રવ્યાપી સ્પર્ધા યોજાઇ હતી. ઝોનલ લીગ્સ મારફતે કડક પસંદગીની પ્રક્રિયા બાદ, રાષ્ટ્રીય ફાઈનલ્સ ગત તા.૨૪ થી ૨૯ માર્ચ સુધી તામિલનાડુમાં યોજાઈ હતી.

વડોદરા જિલ્લાની મહિલા કિકબોક્સએ અસાધારણ કુશળતા અને નિશ્ચય બતાવી, કુલ છ પદક જીતી લીધા હતા. જેમાં ચાર ગોલ્ડ અને બે સિલ્વરના પદક જીત્યા હતા. ગોલ્ડ પદક વિજેતાઓમાં ખુશી પંચાલ, પાવની દાયાલ, કાવ્યા જાડેજા અને દિનકલ ગોરખા શામેલ છે. જ્યારે મનસ્વી સાલુજા અને ઈશિતા ગાંધી સિલ્વર પદક જીત્યા હતા. શહેરની સિદ્ધિમાં ઉમેરો કરતા આકાશ ચાવને ઈવેન્ટ માટે રેફરી તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. ખેલાડીઓને તાલીમ કોચ રાવી વાંઝારા અને આદિત્ય પરમાર દ્વારા આપવામાં આવ્યું હતું. જ્યારે સ્પર્ધા બાબતે સમગ્ર માર્ગદર્શન કોચ દિયા ત્રિવેદી પાસેથી મળ્યું હતું.

વિજેતાઓને ઈન્ડિયા સ્પોર્ટ્સ ઓથોરિટી દ્વારા નાણાકીય ઈનામ આપવામાં આવશે તથા કિકબોક્સિંગ એસોસિએશનના પ્રમુખ અને SFCના સ્થાપક સિદ્ધાર્થ ભાલેગરે ટીમને તેમની પ્રશંસનીય કામગીરી માટે અભિનંદન પાઠવી ઉચ્ચ સ્તરે સફળતા માટે શુભકામનાઓ આપી હતી.

## અઝિમે મિલ્લત 38મા તેમજ સૈયદના મોઇને મિલ્લતના બીજા ઉર્ષનો સંદલના જુલૂસ સાથે પ્રારંભ



■ કેકૂ વડોદરા જુમ્મા મસ્જિદ વાળા પીર બાબા હજરત સૈયદ અઝીમુદુન મહમુદ નુરુલ્લાહ જીલાનીનો 38 મો વાર્ષિક ઉર્ષ તેમજ સૈયદના મોઈને મિલ્લત હજરત સૈયદ મોઈનુંદ્દીન બાબા કાદરી ના બીજા ઉર્ષ નિમિતે જુલૂસે સંદલ સાથે ભક્તિમય વાતાવરણમાં ઉર્ષ અઝીમીનો પ્રારંભ થયો હતો. જ્યારે ચાર દિવસીય ઉર્ષ ની ઉજવણીના ભાગરૂપે બુધવારે બપોરે ગૌસિયા મંજિલ અજબડીમિલ પાસેથી ખાનકાહે એહલે સુન્નતના ગાદીપતી હજરત સૈયદ અમિરુદ્દીન બાબા કાદરી તેમજ નાયબ ગાદીપતિ સૈયદ કબીરુદ્દીન બાબા કાદરીની આગેવાનીમાં સંદલનું ભવ્ય જુલૂસ નીકળ્યું હતું. જે શહેરના વિવિધ વિસ્તારમાં ગસ્ત કરી સાંજે મજાર પર પહોંચ્યો હતો.

દેશના સર્વપ્રથમ 'ખેલો ઈન્ડિયા જનજાતીય ખેલ-મહોત્સવ'

# સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિ.ના કુસ્તીબાજ મુકેશ વસાવાએ સિલ્વર મેડલ મેળવ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.1

છત્તીસગઢનાં અમ્બિકાપુર ખાતે સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત દેશના સર્વપ્રથમ 'ખેલો ઈન્ડિયા જનજાતીય ખેલ-મહોત્સવ' (National Tribal Games) યોજાયો હતો. તેમાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુશળ કુસ્તીબાજ મુકેશ વસાવાએ પોતાની અદ્વિતીય કુસ્તીકળાના જોરે સમગ્ર ભારતમાં દ્વિતીય સ્થાન મેળવી 'સિલ્વર મેડલ' મેળવી વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે.



સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના ફિઝિકલ એજ્યુકેશન અને સ્પોર્ટ્સના ડિરેક્ટર પ્રો(.(ડૉ.) રણછોડ રથવીએ જણાવ્યુ હતુ કે, આ સ્પર્ધા રાષ્ટ્રીય સ્તરના દેશના સર્વપ્રથમ 'ખેલો ઈન્ડિયા જનજાતીય ખેલ-મહોત્સવ' (National Tribal Games) જનજાતીય મહાકુંભમાં કુસ્તી ક્ષેત્રે વિજયી બની મેડલ મેળવ્યો હોય તેવી ગુજરાત રાજ્યની આ સૌપ્રથમ ઐતિહાસિક સિદ્ધિ છે. મુકેશની આ અપ્રતિમ સફળતાએ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી અને ગુજરાત રાજયના ખેલ જગતનું ગૌરવ અને સન્માન રાષ્ટ્રીય ફલક પર વધાર્યું છે.

મુકેશ વસાવાની આવી વિશિષ્ટ અને વિરલ સિદ્ધિ મેળવવા માટે સમગ્ર ગુજરાત અને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીનું ગૌરવ અને સન્માન વધાર્યુ છે. મુકેશ વસાવાને આવી વિશિષ્ટ સિદ્ધિ મેળવવા બદલ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. મનીષ રાવલ સાહેબ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના ફિઝિકલ એજ્યુકેશન અને સ્પોર્ટ્સ ના ડિરેક્ટર પ્રો.(ડૉ.)રણછોડ રથવીએ અને સમગ્ર યુનિવર્સિટી પરિવારે અભિનંદન આપ્યા હતા. મુકેશ વસાવાની આવી વિશિષ્ટ સિદ્ધિ મેળવવા માટે તેના માર્ગદર્શક કુશ્તી કોચ ગૌતમભાઈ દેસાઈએ માર્ગદર્શન આપ્યુ હતું. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. મનીષ રાવલ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના ફિઝિકલ એજ્યુકેશન અને સ્પોર્ટ્સ ના ડિરેક્ટર પ્રો.(ડૉ.)રણછોડ રથવીએ આ સફળતાને રાજયના ખેલાડીઓ માટે પ્રેરણારૂપ ગણાવી વિજેતા ખેલાડીના ઉજ્જવળ ભવિષ્ય માટે અનંત શુભેચ્છાઓ આપી હતી.

# એરપોર્ટ ખાતે સેવા દિવસ નિમિત્તે આરોગ્ય તપાસ શિબિર યોજાઈ



(પ્રતિનિધિ) વડોદરા,તા.1

વડોદરા એરપોર્ટ પર 31મા એએઆઈ વાર્ષિક દિવસને સેવા દિવસ તરીકે પણ ઉજવવામાં આવ્યો હતો. જે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની સેવા અને સમુદાય કલ્યાણ પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. આ પ્રસંગે, એએઆઈના કર્મચારીઓ, તેમના પરિવારો, હિસ્સેદારો અને કરાર આધારિત કર્મચારીઓ માટે બીએપીએસ શાસ્ત્રીજી મહારાજ હોસ્પિટલના સંકલનમાં આરોગ્ય તપાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનું ઉદ્ઘાટન વડોદરાના કાર્યકારી એરપોર્ટ ડિરેક્ટર આર. ડી. સેન્દ્રે દ્વારા ટીમ એએઆઈની હાજરીમાં કરવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં એએઆઈના ઉડ્ડયન શ્રેષ્ઠતા પ્રત્યેના સમર્પણને જ નહીં,પરંતુ તેના વિસ્તૃત સમુદાયના કલ્યાણ પ્રત્યે પણ ઉજાગર કરવામાં આવ્યું હતું.

ટ્રેપ શૂટિંગ સ્પર્ધામાં ઇશિત દોશીને NR મેન્સ ઓપન કેટેગરીમાં ગોલ્ડ મેડલ

# 45મી ગુજરાત સ્ટેટ શોટગન ચેમ્પિયનશિપમાં સાવલીના રાઈફલ એસો. શૂટર્સનો ઉત્કૃષ્ટ દેખાવ

(પ્રતિનિધિ) વડોદરા તા.1

ગાંધીનગર ખાતે યોજાયેલી ૪૫મી ગુજરાત સ્ટેટ શોટગન શૂટિંગ સ્પર્ધામાં સાવલી તાલુકા રાઈફલ એસોસિએશન (STRA)ના શૂટર્સે વિવિધ કેટેગરીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સંસ્થાનું નામ ગૌરવપૂર્ણ બનાવ્યું છે.

ટ્રેપ શૂટિંગ સ્પર્ધામાં ઈશિત દોશીએ NR મેન્સ ઓપન કેટેગરીમાં ગોલ્ડ મેડલ મેળવી ગુજરાતની સૌથી જૂની રોટેટિંગ ટ્રોફી પોતાના નામે કરી. ઉદય અમીને NR માસ્ટર મેન્સ કેટેગરીમાં ગોલ્ડ મેડલ મેળવ્યો.

આર્યન સિંહે ISSF જુનિયર મેન્સ તથા ISSF મેન્સ ઓપન બંને કેટેગરીમાં ગોલ્ડ મેડલ મેળવી પ્રતિષ્ઠિત રોટેટિંગ ટ્રોફી જીતી. યશાયા કોન્ટ્રાક્ટરે ISSF જુનિયર વિમેન તથા ISSF વિમેન ઓપન કેટેગરીમાં ડબલ ગોલ્ડ મેડલ મેળવી શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું.



ડબલ ટ્રેપ સ્પર્ધામાં યશાયા કોન્ટ્રાક્ટરે વધુ બે ગોલ્ડ મેડલ જીત્યા, જ્યારે કશ્યપ ઝાલાએ NR માસ્ટર મેન્સ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો. સ્કીટ શૂટિંગમાં જતીન પટેલે NR સિનિયર માસ્ટર કેટેગરીમાં ગોલ્ડ મેડલ મેળવી સિદ્ધિ હાંસલ કરેલ છે.આ સ્પર્ધામાં ચીફ રેન્જ ઓફિસર તરીકે સેવા આપનાર મેહુલ પટેલને તેમના યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે વાસમશેટ્ટી રવિ તેજા, IPS તેમજ અતિથિ વિશેષ તરીકે ચાર વખત ના ઓલમ્પીયન શ્રીમનશેર સિંગ, આચાર્યશ્રી ઘનશ્યામજી વ્યાસ ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

STRAના સચિવ ઈશ્વર સિંહે શૂટર્સના સમર્પણ અને મહેનતની પ્રશંસા કરી હતી અને આ સફળતા માટે NRAI, GSRA તથા જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ કમિશનર, વડોદરા સહિતના સહયોગી સંસ્થાઓના સમર્થનને મહત્વપૂર્ણ ગણાવ્યું હતું. STRAના પ્રમુખ રાજકુમારી જ્ઞાનેશ્વરી સિંહે પણ ખેલાડીઓના પ્રદર્શનને બિરદાવ્યું અને મહિલા શૂટર્સની વધતી ભાગીદારીને પ્રોત્સાહિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.આ સિદ્ધિથી જિલ્લામાં રમતગમત ક્ષેત્રે વધુ પ્રોત્સાહન મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

## હરી સેવા ઈશ્વરીબાઈ બક્ષાની ઈંગ્લીશ એકેડમીમાં ઈનામ વિતરણ





(પ્રતિનિધિ) વડોદરા તા.8

શહેરના મધ્યમાં આવેલી શાળામાં ધોરણ 1 થી 12 ના વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય કક્ષાએ ડ્રિમ આર્ટ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં શાળાના વિદ્યાર્થીઓએ જુદી જુદી સ્પર્ધામાં જેમ કે કલરીંગ, હેન્ડરાઈટિંગ ,કાર્ટૂન મેકિંગ ,કોલાજ વગેરે માં લગભગ 312 જેટલા વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમાં ઘણા વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ, ગિફ્ટ, ટ્રોફી વગેરેથી સન્માનિત કરવામાં આવ્યા હતા, અને સ્પર્ધામાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને સર્ટિફિકેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. તે શાળા માટે ખૂબ જ ગૌરવ ની વાત છે.

# છોટાઉદેપુર ભાજપે સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી માટે દાવેદારોનો સેન્સ લીધા, બે દિવસીય પ્રક્રિયા ચાલશે

**ગુજરાત** ની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર : રાજકારણમા ગરમાવો !!

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.1

ગુજરાત ની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થતાં જ છોટાઉદેપુર પંથક ના રાજકારણ મા ગરમાવો આવી ગયો છે ચૂંટણી જાહેર થતાં જ શહેર તાલુકા ના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે, ૧૫ મહાનગરપાલિકા ૮૨ , નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતની ચૂંટણી જાહેર થઈ છે ફોર્મ ભરવા ની તારીખ ૬-૪-૨૦૨૬ ફોર્મ ભરવાની શરૂઆત થશે ૧૫-૪-૨૦૨૬ એ ફોર્મ ખેંચવાની છે મતદાન તારીખ ૨૬ -૪-૨૦૨૬ અને મતદાન ની તારીખ ૨૮ -૪ -૨૦૨૬ ના રોજ ચૂંટણી નુ પરીણામ જાહેર થતા રાજકીય ગરમાવો આવી ગયો છે



છોટાઉદેપુર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો તેજ બન્યો છે. ભારતીય જનતા પાર્ટી (BJP) દ્વારા ઉમેદવારી માટે દાવેદારોનો સેન્સ લેવાની પ્રક્રિયા બોડેલી ખાતે શરૂ કરવામાં આવી છે.

બોડેલી નગરના લક્ષ્મી પાર્ટી પ્લોટ ખાતે પાર્ટીના નિરીક્ષકો દ્વારા આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે, જે બે દિવસ સુધી ચાલશે. આ સેન્સ છોટાઉદેપુર જિલ્લા પંચાયતની 32 બેઠકો, સાત તાલુકા પંચાયતોની અંદાજે 150 બેઠકો અને બોડેલી નગરપાલિકાની 28 બેઠકો માટે ઉમેદવારોની પસંદગી માટે લેવામાં આવી રહ્યો છે.

તાલુકાવાર બેઠકોમાં છોટાઉદેપુર તાલુકા પંચાયતની 26, સંખેડાની 18, કવાટની 26, નસવાડીની 22, પાવી જેતપુરની 18, કદવાલની 16 અને બોડેલી તાલુકાની 24 બેઠકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, જિલ્લા પંચાયતની 32 બેઠકો અને પ્રથમવાર રચાયેલી બોડેલી નગરપાલિકાની 28 બેઠકો માટે પણ મોટી સંખ્યામાં દાવેદારો ઉમટી પડ્યા છે.

જિલ્લા પ્રમુખ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે નાનામાં નાનો કાર્યકર્તા પણ દાવેદારી નોંધાવી શકે છે. આ સમગ્ર સેન્સ પ્રક્રિયા ભાજપના પ્રદેશ નિરીક્ષકો મયુરિકાબેન જાદવ, ધારાસભ્ય સી.જે. ચાવડા અને ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈની હાજરીમાં ચાલી રહી છે.

## શ્રી સરદારભવન ટ્રસ્ટ દ્વારા આયોજિત 3 દિવસનું સમરકેમ્પ

(પ્રતિનિધિ) વડોદરા તા.8

શ્રી સરદારભવન ટ્રસ્ટ દ્વારા આયોજિત જુનીયર કે.જી. સીનીયર કે.જી. તથા ૫ થી ૧૨ વરસના બાળકો માટે ૩ દિવસનું સમરકેમ્પનું આયોજન તા. ૨૧,૨૨,૨૩ કરવામાં આવ્યું છે. જેમાં બાળકોને ડ્રોઈંગ તથા પેઈન્ટીંગ શીખવાડવામાં આવશે. જે બિલકુલ નીઃશુકલ રાખવામાં આવ્યું છે. ડ્રોઈંગના કાગળ તથા કલર સરદારભવન ટ્રસ્ટ તરફથી આપવમાં આવશે. તથા બાળકોને સર્ટિફિકેટ પણ આપવામાં આવશે. તો રસ ધરાવતા વાલીઓએ તથા શાળાના શિક્ષકોએ પોતાના બાળકોના નામ તા. ૧૫-૦૪-૨૦૨૬ સુધીમાં મોકલી આપવા વિનંતી. રૂપલબેન ત્રિવેદી (૯૭૨૪૯૬૦૦૭૦) નો સરદારભવન કાર્યાલયમાં સંપર્ક સાધવો. સરદારભવન ટ્રસ્ટ, જયુબેલી બાગ પાસે, વડોદરા ખાતે વહેલા તે પહેલા નામ નોધાવી જવા એક અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

# સાવલી તાલુકા ભાજપના કાર્યકરો સેન્સ પ્રકિયામાં ભાગ લેવા પહોંચ્યા

**મોટી** સંખ્યામાં ઉમેદવારો ગોડફાધરો સાથે મોવડી મંડળ અને નિરીક્ષકોને રજૂઆત કરવા કમલમ વડોદરા ખાતે પહોંચી ગયા

(પ્રતિનિધિ ) સાવલી, તા.1

સાવલી તાલુકામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી લડવા માંગતા મુરતિયાઓ આજરોજ ભાજપની સેન્સ લેવાની પ્રક્રિયા હોવાથી મોટી સંખ્યામાં ઉમેદવારો ગોડફાધરો સાથે મોવડી મંડળ અને નિરીક્ષકોને રજૂઆત કરવા કમલમ વડોદરા ખાતે પહોંચી ગયા હતા. છેલ્લા કેટલાય દિવસથી ગમે ત્યારે ચૂંટણી જાહેર થાય તેવી સ્થિતિ હોવાના કારણે ચૂંટણી લડવા માંગતા મુરતિયાઓ માં ભારે થનગનાટ જોવા મળી રહ્યો છે આજે સાંજના સમયે ચૂંટણી પંચ દ્વારા મતદાનની તારીખો જાહેર કરતા સમગ્ર તાલુકામાં ચૂંટણીનો દિવસ છવાઈ ગયો છે જ્યારે પ્રથમવાર રાજ્યમાં 27% ઓબીસી રિઝર્વેશન સાથે ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે ભારે રસાકસી સર્જાય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે સાથે સાથે રિઝર્વેશનના પગલે તાલુકાના મોટા માથા ઘર ભેગા થાય તેવી પણ સ્થિતિ સર્જાઈ છે સાવલી તાલુકાની 5 જિલ્લા પંચાયતની બેઠકો અને 22 તાલુકા પંચાયતની બેઠકો માટે અને નગરપાલિકાની 24 બેઠકો માટે ચૂંટણી લડવા માંગતા ઉમેદવારો માં ભારે જુસ્સો જોવા મળી રહ્યો છે આજરોજ ભાજપ ના નિરીક્ષકો દ્વારા સેન્સ લેવાની પ્રક્રિયા હોવાથી તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની અને નગરપાલિકાની ચૂંટણી લડવા માંગતા મુરતિયાઓ પોતાના સમર્થકો અને ટેકેદારો સાથે મોટી સંખ્યામાં મોવડી મંડળ પાસે પહોંચ્યા હતા તેવામાં ચાર વાગ્યાની આસપાસ ચૂંટણી પંચ દ્વારા મતદાન ની તારીખ 26 એપ્રિલ અને મતગણતરી ની તારીખ 28 એપ્રિલ જાહેર થતાં તાલુકામાં ભારે રાજકીય ગરમાવો આવી ગયો છે.

## મંગળબજાર પાસે ચોરીનો પ્રયાસ નિષ્ફળ, લોકોએ દુકાનમાં ઘુસેલા બે ચોરોને ઝડપ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા શહેરના વારસીયા વિસ્તારમાં મંગળ બજાર નજીક આવેલી એક રેડીમેડ કપડાની દુકાનમાં ચોરી કરવાનો પ્રયાસ સ્થાનિકોની ચાકચીકથી નિષ્ફળ રહ્યો છે. ઘટનામાં બે શખ્સોને લોકોએ રંગેહાથ ઝડપી પોલીસને સોંપી દીધા છે. મળતી માહિતી અનુસાર, દુકાન માલિક દિપકભાઈ બેલાણી દૈનિક કામગીરી પૂર્ણ કરી દુકાન બંધ કરીને ઘરે ગયા હતા. દરમિયાન રાત્રિના સમયે તેમના મિત્રે દુકાનની અંદરથી અવાજ આવતો હોવાની જાણ કરતાં શંકા ઊભી થઈ હતી. આ જાણ મળતા જ દુકાન માલિકે પોતાના અન્ય મિત્રને સ્થળ પર મોકલ્યા હતા. સ્થળ પર પહોંચી તપાસ કરતાં દુકાન બહાર એક ઓટોરિક્ષા શંકાસ્પદ હાલતમાં ઉભી જોવા મળી હતી. અંદર કોઈ હોવાની ખાતરી થતા દુકાનને બહારથી લોક મારી સ્થાનિક લોકોને એકત્ર કરવામાં આવ્યા હતા.

# મોબાઈલમાં શંકાસ્પદ ચેટ મુદ્દે પૂછતા પતિએ પત્ની પર હુમલો કર્યો

**વારંવાર** મજુર કરી શારીરિક અને માનસિક ત્રાસ આપતા આખરે મહિલાએ ફરિયાદ નોંધાવી

(પ્રતિનિધિ ) વડોદરા તા.1

વડોદરા શહેરના છાણી રોડ વિસ્તારમાં રહેતી પરિણીતાએ પોતાના પતિ વિરુદ્ધ શારીરિક તેમજ માનસિક ત્રાસની ફરિયાદ નોંધાવી છે. સોશિયલ મીડિયા પર અન્ય યુવતી સાથેની શંકાસ્પદ ચેટને લઈને થયેલા ઝઘડાએ ગંભીર રૂપ ધારણ કર્યું હતું. ચેટ મુદ્દે પૂછતા પતિએ પત્નીને ઢોર માર માર્યો હતો. આખરે પત્નીએ પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

મહિલાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, મહિલાના લગ્ન માર્ચ 2025માં ભોપાલ ખાતે પંજાબી રીતિ-રીવાજ મુજબ થયા હતા. શરૂઆતમાં દાંપત્ય જીવન સુખમય રહ્યું હતું, પરંતુ થોડા સમય બાદ પતિના દારૂ પીવાના સ્વભાવ અને ગુસ્સાખોર વલણને કારણે અવારનવાર મતભેદો થવા લાગ્યા હતા.

ઘટનાના દિવસે મહિલાએ પતિના મોબાઈલમાં તપાસ કરતાં સોશિયલ મીડિયા પર અન્ય યુવતી સાથેની શંકાસ્પદ ચેટ મળી આવી હતી. આ બાબતે પૂછતા જ પતિ ગુસ્સે ભરાઈ ગયો હતો અને ઝઘડો શરૂ થયો હતો. આરોપ છે કે પતિએ પત્નીને માથામાં મુક્કા મારી ઈજા પહોંચાડી, ધક્કો મારી જમીન પર પાડી દીધી અને છાતી પર પગ રાખીને મારઝુડ કરી હતી. સાથે જ, મોબાઈલમાંથી સંબંધિત ચેટ ડિલીટ કરી નાખી હોવાનું પણ જણાવાયું છે. હુમલા બાદ મહિલાને માથા અને કાનમાં ગંભીર દુખાવો થતાં સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવી હતી, જ્યાં ખાનગી હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી.આ સમગ્ર મામલે મહિલાએ પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

સંજેલી હુંસામી મસ્જિદ ખાતે પ્રવચન આપ્યું

# સંજેલી દાઉદી વ્હોરા સમાજના ધર્મગુરુ સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન પધાર્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.1

દાઉદી બોહરા સમાજના ધર્મગુરુ સૈયદના મુફદ્દલ સૈફુદ્દીનનું આગમન થતા જ નગરમાં અનેરો માહોલ જોવા મળ્યો હતો ત્યારે સર્વે સમાજ દ્વારા ભવ્યથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. વિશ્વભરમાં વસેલા દાઉદી બોહરા સમાજના ધર્મગુરુ પરમપાવન સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન સંજેલી ખાતે પધાર્યા હતા.આ સાથે જ તેમણે ગુજરાત અને પડોશી રાજ્ય મધ્યપ્રદેશના વિવિધ નગરોની તેમની મુલાકાતનો પ્રારંભ કર્યો છે.

સંજેલીમાં આવેલ હુંસામી મસ્જિદ ખાતે સૈયદના સાહેબના સ્વાગત માટે મોટી સંખ્યામાં સમાજના લોકો ઉમટી પડયા હતા.જેમાં સ્થાનિક સત્તાધિકારીઓ અને સમાજના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. સંજેલી ખાતે પધારેલ બોહરા સમાજના ધર્મગુરુ એ સમાજના લોકોને વિવિધ સામાજિક સહિત રાષ્ટ્રપ્રેમ સહિતની બાબતોને લઈને પ્રવચન પણ કર્યું હોવાનું જાણવા મળી રહ્યું છે.



સંજેલી હુંસામી મસ્જિદ ખાતે પ્રવચન આપ્યું હતું જેમાં તેઓ પ્રમાણિકતા, સામાજિક જવાબદારી અને સમાજ સેવાના મૂલ્યો પર ભાર મૂક્યો હતો. સંજેલી નગરમાં દાઉદી વોહરા સમાજના ધર્મગુરુ ની ઈતિહાસ માં પ્રથમ વખત આગમન થતા સમાજમાં તેમજ નગરમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો ત્યારે સર્વે સમાજ દ્વારા બોહરા સમાજના ધર્મ ગુરુજી સંજેલી ખાતે પધારતા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ઠેર ઠેર નગરમાં સર્વે સમાજના લોકો મુખ્ય માર્ગો પર ફૂલ લઈ અને ધર્મગુરુને વધાવ્યા હતા.